# જાહેરનામાં ફેરફાર નહીં કરાતા બનાસકાંઠાના ગેરેજ ચાલકો આજથી હડતાલ પર

ડીસા, તા. ૩

બનાસકાંઠા જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ફોજદારી કાર્યરિતી અધિનિયમ ૧૦૭૩ ની કલમ ૧૪૪ અન્વયે



બહાર પાડેલ જાહેરનામામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કાર્યરત ગેરેજોમાં આવતા વાહનોનું રજીસ્ટ્રેશન નિભાવવાનું ફરજયાત કરાતા ગેરેજોમાં કામ કરતા માલિકો અને કારીગરોને વારંવાર પોલીસના રોષનું ભોગ બનવું પડે છે. આ જાહેરનામા વિરૂદ્ધ પાલનપુર ખાતે ગેરેજના સંચાલકો ત્રણ દિવસથી ઉગ્ર રજુઆતો કરી રહ્યા છે. પરંતુ જાહેરનામામાં કોઈ ફેરફાર નહીં કરાતા સમગ્ર બનાસકાંઠા જિલ્લાના ગેરેજ સંચાલકો આજથી જિલ્લા કલેકટર કચેરી ખાતે ધરણા પર ઉતરશે.

જાહેરનામાં ફેરફાર કરવાની માંગણી સાથે પાલનપુરના ગેરેજ સંચાલકો બે વખત જિલ્લા કલેકટર કચેરીએ રજુઆત કરી ચુકયા છે. ગેરેજ સંચાલકોએ ત્રણ દિવસથી ગેરેજ નહીં ખોલતા શહેરવાસીઓની હાલત કફોડી બની રહી છે. આમ છતાં તંત્રએ કોઈ વાત ધ્યાને નહીં લેતા ગુરૂવારે સમગ્ર જિલ્લાના ગેરેજ સંચાલકો પાલનપુર ખાતે એકઠા થયા હતા. જ્યારે આજથી પોતાની ગેરેજો બંધ રાખી જિલ્લા કલેકટર કચેરીએ પ્રતિક ઉપવાસ પર ઉતરવાનો નિર્ધાર કર્યો છે. પાલનપુર ખાતે ગુરૂવારે ટુવ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર વાહનો સાથે સંકળાયેલા તમામ કારીગરો, મિકેનિકો અને ગેરેજ માલિકો હાજર રહ્યા હતા.

## મોડાસાની લાટીવાળા પી.ટી.સી. કોલેજનું ગૌરવ

મોડાસા સ્થિત મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત લાટીવાળા પીટીસી કોલેજનું બીજા વર્ષનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.

એમ.કે શાળા લાટીવાળા (પીટીસી) કોલેજનું બીજા વર્ષનું પરિણામ આવતા ૮૨ ટકા સાથે કાજલ પટેલ પ્રથમ, ૮૧ ટકા સો અરુણાબેન બામણીયા બીજા ક્રમે તેમજ ૮૦ ટકા સાથે રમેશચંદ્ર પ્રજાપતિએ ત્રીજા ક્રમે સફળતા પ્રાપ્ત કરી છે અને કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજનાઆચાર્યા ડૉ. સંતોષ દેવકર મંડળના પ્રમુખ ડૉ. અરુણભાઈ શાહ, પ્રો. અરવિંદ મોદી સહિત કોલેજ પરીવારના સભ્યોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ડીસામાં વિદ્યાર્થીની સાથે નખરા કરતા રોમિયોને મેથીપાક મળ્યો

### ઘણા સમયથી હેરાન કરતા શખ્સને ઝડપવા વિદ્યાર્થીનીના સગા છુપાઈને બેઠા હતા

ડીસા, તા. ૩

ડીસા શહેરમાં શાળા કોલેજો અને ધાર્મિક સ્થાનો નજીક મજનુ બની ઘુમતા અને જતી આવતી યવતિઓની મશ્કરીઓ કરતા અને બાઈક પર આંટાફેરા મારી યુવતિઓને ફસાવવા માટે નખરા કરતા રોમિયોની રંજાડ વધી જવા પામી છે. કેટલાક પાર્લરો પર આવા તત્વોનો મેળાવડો જામેલો જોવા મળે છે. જેમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીની પાછળ પડી છેલ્લા ઘણા સમયથી તેને હેરાન પરેશાન કરતા યુવકને વિદ્યાર્થીનીના સગાએ ઝડપી લઈ બરોબરનો ઠમકોરતા લોકોનુ ટોળુ એકઠુ થઈ ગયું હતું.

શહેરના નવા બસ સ્ટેન્ડ રોડ પર આવેલ એક હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી એક બાળાને એક શખ્સ ઘણા સમયથી હેરાન પરેશાન કરતો હતો. તે રસ્તે પસાર થાય ત્યારે બાઈક પર ધુમ સ્ટાઈલથી આવી વિવિધ હરકતો કરતા શખ્સથી ત્રાસેલી બાળાએ પોતાના પરિવારજનોને વાત કરતા ગુરૂવારના રોજ બાળાના સંબંધી એસડીએમ કચેરી પાસે છુપાઈને વોચમાં બેઠા હતા. આ બાળા પગપાળા સ્કૂલે આવી રહી હતી ત્યારે યુવક ધુમ સ્ટાઈલથી બાઈક પર આવ્યો હતો અને બાળા સાથે નખરા કરવાનું શરૂ કરતા જ છુપાઈ રહેલા આ શખ્સને બોચીએથી પકડી ધીબવાનું શરૂ કરતા આજુબાજુથી લોકોનું ટોળુ ઉમટી પડ્યું હતું. અને તેમણે પણ હાથ સાફ કરવાનું શરૂ કરતા હીરોનો રોફ મારવા આવેલા આ યુવકની હાલત કફોડી બની જવા પામી હતી. લોકો તેને પકડી ઉત્તર પોલીસ મથકમાં લાવ્યા હતા. જ્યાં તેના માતાપિતાને પણ બોલાવ્યા હતા. જ્યાં હવે આવી હરકત નહી કરૂ તેવી ખાત્રી સાથે માફી માગતા તેને જવા દેવાયો હતો. શહેરમાં શૈક્ષણિક સંકુલો અને ધાર્મિક સ્થળો નજીક આવા રોમિયોનો ત્રાસ વર્તાતા ખાનદાન ઘરની યુવતિઓની હાલત કફોડી બને છે ત્યારે પોલીસ તેને આવા રોમિયોને ઝડપવા માટે કાર્યવાહી કરવી જોઈએ.

# ડીસામાં વારસાઈ નોંધ કરાવવા તંત્રની ખાસ ઝૂંબેશ

ડીસા, તા. ૩

રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા ખેડૂતોની વારસાઈ નોંધ બાકી રહી ન જાય તે માટે તમામ જિલ્લાના કલેકટરને આ દિશામાં ઝડપી કામગીરી કરવાની તાકીદ કરાતા બનાસકાંઠા જિલ્લા કલેકટર એમ.એસ. પટેલની સુચનાથી ડીસા નાયબ કલેક્ટર એમ.એસ. પટેલની સુચનાથી ડીસા નાયબ કલેક્ટર ડૉ. દિગંત બ્રહ્મભટ્ટના માર્ગદર્શન મુજબ ડીસા મામલતદાર શિવરાજ ગીલવા દ્વારા ડીસા તાલુકાના કુલ ૧૧૩ ગામોમાં નાયબ મામલતદારો, સર્કલ ઓફિસરો અને તલાટીઓની ટીમ દ્વારા વ્યાપક સર્વે હાથ ધરાતાં વારસાઈ નોંધ પડાવવામાં લોકોમાં ખાસ્સી ઉદાસીનતા જણાઈ આવી હતી. પિતૃકોના અવસાન બાદ મોટાભાગના કિસ્સાઓમાં જ્યાં સુધી જરૂરીયાત ઉભી ન થાય ત્યાં સુધી કોઈ વારસાઈ નોંધ પડાવતું નથી. જેમાં ડીસા તાલુકામાં આ પ્રકારની ૧૧૯૮ નોંધ બાકી નીકળી છે.

જેથી વહીવટી તંત્ર દ્વારા ખાસ ટીમ બનાવી વારસાઈ નોંધ પાડવા જાગૃતિ માટે ખાસ ઝુંબેશ હાથ ધરાઈ છે. જેમાં નાયબ મામલતદારો અને સર્કલ ઓફિસરો દ્વારા ગામોમાં રૂબરૂ જઈ તલાટીઓ સાથે બેસી ખેડૂતોને બોલાવવામાં આવી રહ્યા છે. જયારે સેવા સહકારી મંડળીઓ, દૂધ મંડળીઓ દ્વારા પણ વારસાઈ નોંધ અંગેની જાહેરાતો કરી જેઓને નોંધ પડાવવાની બાકી હોય તેમને આ તકે તુરંત કાર્યવાહી કરવા તાકીદ કરાઈ છે.

આ અંગે ડીસા મામલતદાર એસ.ડી. ગિલવાએ જણાવ્યું હતું કે, 'તાલુકાના ખેડૂતોની વારસાઈ નોંધ બાકી રહી ન જાય તે માટે ટીમ દ્વારા ઝુંબેશ હાથ ધરાઈ છે. નોંધ પડી જાય પછી નોંધ અંગેનો નિર્ણય પણ કરવાનો થશે જેથી તા. ૧૫ જુલાઈ સુધી સતત ઝુંબેશ ચાલુ રાખી ખેડૂતોને ખાસ અનુરોધ કરાયો છે. નોધની કામગીરી બાદ નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવાની કામગીરી માટે પણ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

# તલોદના હરસોલ ગામે ૪૬ હજારની ડ્રીપની પાઈપો ચોરાતા ખેત આલમમાં ખળભળાટ

તલોદ, તા. ૩

તલોદ તાલુકાના હરસોલ ગામની સીમમાં ગોપાલભાઈ છબાભાઈ પટેલનું ખેતર આવેલ છે. જેમાં હાલ કપાસનું વાવેતર કરેલ છે. જેથી આ પાકને પિયત કરવા માટે ડ્રીપ પાઈપો ખેતરમાં લગાવેલી હતી. આ દરમિયાન ગત રાત્રીના સુમારે તેઓ ખેતી કામકાજ પતાવી ઘેર ગયેલા હતા.

ત્યારબાદ નિત્યક્રમ મુજબ સવારે ખેતરમાં જતા ડ્રીપ પાઈપો ગુમ થઈ હોવાનું જણાતા ડ્રીપ પાઈપોની તપાસ આદરી હતી. પરંતુ ચોરાઈ જવાનું અંતે માલુમ પડ્યું હતું. આજ ઉપરાંત તેમના બાજુના ખેતરમાં તેમના જ કુટુંબીભાઈ કોદરભાઈ પટેલના પણ ૪૦ જેટલા વિટાં ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ગોપાલભાઈના બાર અને કોદરભાઈના ચાલીસ એમ બનાવ ડ્રીપ પાઈપના વેટાની ચોરી થતાં તેની શોધખોળ આરંભી હતી. આ બનાવથી આ પંથકના ખેતીઆલમમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો હતો. અંતે ગોપાલભાઈ પટેલે કોઈ જ પત્તો ના લાગતા ૪૬,૮૦૦ ની તસ્કરે ચોરી કરી ગયાનું જાણવા મળતા બુધવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી ચોરીની તપાસ જમાદાર દેવજીભાઈ દેસાઈ આરંભી આગળની કાર્યવાહી કરી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# લક્ષ્મીપુરામાં નોટ અને ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાના યુવા ટ્રસ્ટ દ્વારા જરૂરીયાત વાળા વિદ્યાર્થીઓને નોટબુક અને ચોપડા વિતરણનો સમારોહ ગુરૂવારના રોજ હાઈસ્કૂલના રંગમંચમાં યોજાયો હતો. લક્ષ્મીપુરાના રામજીભાઈ છગનભાઈ પટેલ આ સમારોહના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. યુવા ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓ માટે નોટ બુક અને ચોપડા માટે રૂ. ૬૦૦૦ નું દાન એકઠુ કરવામાં આવ્યું છે. સમારોહના અધ્યક્ષ રામજીભાઈ પટેલે યુવા ટ્રસ્ટને મોટી રકમનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે આર્ડેકતાના મે.ડી. રમેશભાઈ ડી. પટેલ, બજાર સમિતિના ચેરમેન જસુભાઈ પટેલ, વિનોદભાઈ એફ. પટેલ, પી.એસ.આઈ. એ.એ. ચૌધરી, જિલ્લા સદસ્ય મુળજીભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈ મકવાણા, ખેડબ્રહ્મા સંઘના ચેરમેન હરીભાઈ આર. પટેલ સહીત મોટી સંખ્યામાં ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા. ખેડબ્રહ્મા બજાર સમિતિના ચેરમેન જસુભાઈ પટેલે ૧૧ વિજ્ઞાન પ્રવાહના બે વિદ્યાર્થીઓને દત્તક લેવાની જાહેરાત કરવામાં આવી હતી. મનુભાઈ પટેલે યુવા ટ્રસ્ટને રૂ. ૧૧,૦૦૦ નો ચેક અર્પણ કર્યો હતો. સમારોહની શરૂઆતમાં સ્વાગત પ્રવચન યુવા ટ્રસ્ટના બ્રિજેશભાઈ એમ. પટેલે કર્યું હતું. સમગ્ર સમારોહનું સંચાલન મોતીભાઈ પટેલ તથા હરીહર પાઠકે કર્યુ હતુ.

# સલાલ સર્વોદય બેંક પ્રગતિના પંથે

### આર.બી.આઈ. દ્વારા બેંક સભાસદોને દસ ટકા ડિવિડન્ડ અપાતા સભાસદોમાં આનંદની લાગણી

પ્રાંતિજ, તા.૩

સલાલની સલાલ સર્વોદય નાગરિક સહકારી બેંક લી. સધ્ધરતા વધતા વર્ષો પછી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મંજુરીથી દસ ટકા ડિવિડન્ડ સભાસદોને ફાળવવાનું નક્કી થતા સભાસદોમાં હર્ષની લાગણી વ્યાપી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નજીક સલાલ ગામે આવેલ ધી સલાલ સર્વોદય નાગરિક સહકારી બેંકની ૪૨મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં સભાસદોએ બેંકની પ્રગતિની પ્રશંસા કરી હતી. બેંકની સધ્ધરતા વધતા વર્ષો પછી ચાલુ વર્ષે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મંજૂરીથી ૧૦ ટકા ડિવિડન્ડ સભાસદોને ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે તેમ ડિરેકટર જયંતિભાઈ પટેલે જણાવ્યું હતું. સંસ્થાના ચેરમેન કલ્પેશભાઈ પટેલ તથા મેનેજર આ.એ. ત્રિવેદીના અથાગ પ્રયત્નોથી બેંકની પ્રગતિ અને સભાસદોની સેવાઓમાં સતત વધારો થઈ રહ્યો છે.

# પ્રાંતિજની ટેકનીકલ કોલેજના વિદ્યાર્થીઓએ નવી જ 'પવન' નામની પવનચક્કી વિકસાવી

પ્રાંતિજ, તા. ૩

પ્રાંતિજ સ્થિત ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનીકલ કોલેજના ચાર વિદ્યાર્થીઓની ટીમે પવનચક્કી ક્ષેત્રે સંશોધન કરી એક નવા જ પ્રકારની પવનચક્કીનું મોડલની શોધ કરી છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિએ કોલેજ અને પ્રાંતિજનું ગૌરવ વધાર્યું છે.

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનીકલ કોલેજ આવેલી છે. જ્યાં અભ્યાસ કરતા યશ પંડ્યા, વિનિત સુથાર, નિસર્ગ દવે અને અમિત સગરની ટીમે છેલ્લા ઘણા સમયથી પવનચક્કી ક્ષેત્રે સંશોધન કાર્ય કરી રહ્યા હતા. દરમિયાન વિદ્યાર્થીઓને સફળતા મળતા તેઓ પવનચક્કી ક્ષેત્રે 'પવન' નામના અનોખા મોડેલની શોધ કરી છે. આ પવનચક્કીની વિશેષતાઓ છે કે આ પવનચક્કી જૂની પવન ચક્કી કરતા બમણો લાભ અને ફાયદો આપે છે. ઉપરાંત થોડી ઉંચાઈ અને ઓછા પવનમાં પણ કામ કરે છે. તેમજ આ 'પવન' નામની પવનચક્કી લોકો પોતાના ઘરની છત પર પણ લગાવી શકે છે. ઉત્પાદનખર્ચ ઓછો હોવાથી સામાન્ય નાગરિક પણ પોતાના ઘરે લગાવી વિજળીનો બચાવ તેમજ ૨૪ કલાક વિજળીનો લાભ લઈ શકાય છે. જ્યારે આ પવનચક્કી ડુંગરાળ પ્રદેશ અને અંતરીયાળ વિસ્તારોમાં વીજળી માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# તલોદ પાલિકામાં સાંસદનો સન્માન સમારોહ યોજાયો

તલોદ, તા. ૩

તલોદ નગરપાલિકા ખાતે તાજેતરમાં પ્રમુખ પ્રવિણભાઈ પટેલના નેતૃત્વમાં જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડનો સન્માન સમારંભ યોજાયો હતો.

સન્માન સમારંભના પ્રારંભે પાલિકા પ્રમુખે નવા ચૂંટાયેલા સાંસદ દિપસિંહ રાઠોડનું સાલ ઓઢાડી ફૂલહાર પહેરાવી બહુમાન કર્યુ હતું જ્યારે દિપસિંહે તમામ કાર્યકરો અને જનતાનો આભાર પ્રગટ કર્યો હતો. આ પ્રસંગે પૂર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલા, જયસિંહ ચૌહાણ, બંસીલાલ મહેતા, ભરતભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણ જિલ્લામાં હથિયારબંધી ફરમાવાઈ

પાટણ, તા. ૩

પાટણ જિલ્લામાં રમજાદ ઈદ નિમિત્તે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય તે હેતુથી પાટણના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી રાજેશ રાજયગુરુએ હથિયારબંધી ફરમાવી છે.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તા.૦૧/૦૭/૧૪ ના ૦-૦૦ કલાકથી તા. ૩૧/૦૭/૧૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવા ફરમાન કરાયું છે. જે મુજબ શસ્ત્રો, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા થવા સામે, જલ્દી સળગી ઉઠે તેવા પદાર્થો બનાવવાની કે એકઠા કરવાની કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું, પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનુંકેએકઠા કરવાનું, જુસ્સાદાર ભાષણ કરવાનુંકે, નનામીઓ કે પૂતળા કાઢવાનું કે, ચાળા પાડવા કે અસભ્યતા ેરે અગર નીતિનો ભંગ કરેલ તેવા ચિત્રો તૈયાર કરવાનું-દર્શિત કરવા સામે, ધાર્મિક કે સામાજિક લાગણી દૂભાય તેવા સુત્રો પોકારવા સામે, નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવા, વાણી ઉચ્ચારવા, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું ઉપયોગ કરવા સામે મનાઈ ફરમાવી છે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ -માણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણ / રાધનપુર / સમી / સિધ્ધપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને લાગુ પડશે નહી.

# આરોપી હિતેન્દ્રસિંહ વાઘેલાને હાઈકોર્ટે અંતે આપેલા જામીન

અમદાવાદ, તા.૦૩

નારાયણ સાંઈ લાંચ પ્રકરણમાં સંડોવાયેલા આરોપી હિતેન્દ્રસિંહ વાઘેલા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલ જામીન અરજી જસ્ટીસ એજે દેસાઈએ માન્ય રાખી છે. આરોપી દ્વારા લાંચ લીધી છે તેવા કોઈ પુરાવા ન હોવાથી ચાર્જશીટમાંતેમની વિરૂદ્ધ લાગેલી કલમો જામીનપાત્ર હોવાથી હાઈકોર્ટેતેને જામીન પર મુક્ત કરી દીધો છે.

સુરત ખાતે આવેલ આસારામ આશ્રમમાં આસારામના પુત્ર નારાયણ સાંઈ દ્વારા આશ્રમની બે સાધિકાનું શારીરિક શોષણ કરવાનો કેસ નબળો પાડવા નારાયણ સાંઈ દ્વારા પોલીસ અને જ્યુડીશીયલ ઓફિસરને લાંચ આપવાનું કાવતરૂ ઘડવામાં આવ્યુંહતુંપરંતુ પોલીસે કાવતરૂ નિષ્ફળ બનાવતા નવ જેટલા આરોપીઓની અટકાયત કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી. નારાયણ સાંઈ લાંચ કેસમાં સંકળાયેલા આરોપી હિતેન્દ્રસિંહ વાઘેલા પર એવો આરોપ હતો કે પોલીસને લાંચ આપવા માટે રૂપિયા ૧૦ લાખ આ કેસના આરોપી ભાવેશ અને હસમુખ પાસેથી લીધા હતા. નિવેદનના આધારે સુરત એસીબીએ હિતેન્દ્ર વાઘેલાની ધરપકડ કરી હતી. હિતેન્દ્ર વાઘેલા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ જામીન અરજીમાં રજુઆત કરવામાં આવી હતી કે કેસમાં લાંચ આપ્યાના પુરાવા નથી.

# પાટણમાં ૩જી ઓગસ્ટે ઉર્જા દિન ઉજવાશે

પાટણ, તા. ૩

આગામી સ્વાતંત્ર્ય દિન ૧૫ મી ઓગસ્ટ- ૨૦૧૪ની રાજય કક્ષાની ઉજવણી પાટણ જિલ્લાના મુખ્ય મથક પાટણ ખાતે કરવાનું રાજય સરકારે નિર્ણય લીધેલ છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી શાદાર અને ભવ્ય રીતે ઉજવી શકાય અને જિલ્લાના નાગરિકો સહભાગી બને તે આશયથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૩જી ઓગસ્ટ ૨૦૧૪ ઉર્જા દિન ઉજવવા આયોજન કરવામાં આવનાર છે. પાટણ જિલ્લાના બિનપરંપરાગત ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોત અંગે માર્ગદર્શન તથા વિજળીની બચત માટે જાગૃત્તિ આવે તેવા ઉમદા હેતુથી સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ૩ જી ઓગસ્ટ ૨૦૧૪ ઉર્જા દિન ઉજવવામાં આવશે. વ્યક્તિગત રીતે વિજળીની બચત થાય, બિનપરંપરાગત ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતનો મહત્તમ ઉપયોગ થાય, સોલાર કુકર અને સોલાર લાઈટનો ઉપયોગ થાય તેવા -યાસો કરવામાં આવશે. સરકારી કચેરીઓ દ્વારા વિજળીની બચત અને બિનપરંપરાગત ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે.

સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી દરેકગામ/વોર્ડમાં ઉર્જા રેલીનું આયોજન કરવામાં આવશે. બિનપરંપરાગત ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોત અંગે માર્ગદર્શન શિબિરો યોજી વિશેષ જાગૃતિ ઉભી કરવા આવનાર છે. -ાથમિક શાળામાં સામુહિક સૂર્ય નમસ્કાર અને યોગાસનના કાર્યક્રમો યોજવામાં આવશે. GADA ના સહયોગથી એનર્જી ઓડીટની કામગીરી કરવામાં આવશે. વિજળી બચત અંગેની શિબિરો યોજવામાં આવશે. વ્યાપારી અને ઔદ્યોગિક સંગઠ્ઠનો દ્વારા વિજળીની બચત અને બિનપરંપરાગત ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે.

# પોસ્ટ વિભાગના વીમા એજન્ટ બનવા માટે ૧૪ જુલાઈના રોજ પાલનપુર ખાતે ઈન્ટરવ્યુ

પાલનપુર, તા. ૩

ભારતીય પોસ્ટ વિભાગના બનાસકાંઠા ડિવીઝન પાલનપુર, પોસ્ટલ જીવન વીમા તથા ગ્રામીણ જીવન વીમાના એજન્ટ લેવા માટે તા.૧૪/૭/૨૦૧૪ ના રોજ ૧૧ વાગે હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ, પાલનપુર ખાતે ઈન્ટરવ્યું યોજાશે. જેના માટે ઉમેદવારે પોતાની સાથે બાયોડેટા, ઉંમરનો પુરાવો, શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવનું ઓરીજનલ સર્ટીફીકેટ અરજી સાથે લાવવાનું રહેશે. એજન્ટ બનવા માટે જરૂરી શૈક્ષણિક લાયકાત આ -માણે છે. ઉમેદવાર ધોરણ-૧૦ પાસ હોવો જાઈએ તેમજ ૫૦૦૦ થી ઓછી વસ્તીવાળા એરિયામાં રહેતો હોવો જોઈએ તેમજ ધોરણ-૧૨ પાસ અને ૫૦૦૦ કે તેથી વધુ વસ્તીવાળા એરિયામાં રહેતો હોવો જોઈએ. ઉંમર ૧૮ થી ૬૦ વર્ષ, ભૂતપૂર્વ જીવન વિમા સલાહકાર, આંગણવાડીના કાર્યકર, મહિલા મંડળના કાર્યકર, ભૂતપૂર્વ સર્વિસમેન, નિવૃત શિક્ષક, બેકાર અથવા જાતે કામ કરતા યુવાનો અથવા ઉપર જણાવેલ લાયકાત ધરાવતા વ્યકિત. વીમાના કામના અનુભવી અને કોમ્પ્યુટરની જાણકારી તેમજ લોકલ એરિયાના જાણકારને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧